**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૯ ટકા

# બોરીજની ડમ્પીંગ સાઈટમાં આગ



બોરીજ ગામની સીમમાં કોઈ અજાણ્યા ઈસમે આગ લગાવતા આગે પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યુ હતું. ગાંધીનગરના આકાશમાં ધુમાડાના ગોટે ગોટા નજરે ચઢતા હતા. સર્કિટ હાઉસની પાછળ નદીના કોતરોમાં ડમ્પિંગ સાઈટના કચરામાં લાગેલી આગની ઝપટમાં લીલા વૃક્ષો પણ આવી ગયા હતા જેના કારણે આગ વધુ ફેલાઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી જઈ ભારે મથામણ બાદ આગને બુઝાવી હતી.

## શહેરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વાળવાનુ બંધ કરો : મહામંડળ

**અગાઉ પણ પર્યાવરણ પ્રેમીઓએ પોષ્ટકાર્ડ લખીને રજુઆત કરી હતી**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં વિકાસના નામે હરિયાળીનુ નિકંદન વાળવાની પ્રવૃતિ બંધ કરવા માટે પર્યાવરણ પ્રેમીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઘ-૦ થી ચ-૦ વચ્ચેના વિસ્તારમાં સેંકડો હરિયાળા વૃક્ષો પર કોદાળીના આકરા ઘા મારીને જમીનદોસ્ત કરવાની કામગીરીથી નગરજનો વ્યથિત છે. અગાઉ આ મામલે અનેકવાર રજુઆત કરવા છતા આ કામગીરી ચાલુ છે. ત્યારે વૃક્ષોનુ છેદન અટકાવવા માટે પણ શહેર વસાહત મહામંડળે તંત્રને રજુઆત કરી છે.

ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે વારંવારા હરિયાળીનુ નિકંદન વળતા પર્યાવરણ પ્રેમીઓમાં રોષ પ્રવર્તયો છે. નગરજનોને તાજગી આપતી હરિયાળીને દુર કરવા માટે કરવત ફેરવવાનુ કામ શરૂ કરાતા પ્રબળ રોષ પ્રવર્તયો છે. ઘ-૦ થી ચ-૦ વચ્ચેના વિસ્તારમાં લીલાછમ વૃક્ષોની કટોતીથી પર્યાવરણ પ્રેમીઓ આગ બબુલા બન્યા છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાંવ્યા મુજબ આ અંગે સરકારને પણ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પ્રતિભાવ મળ્યો ન હતો .જયારે કોર્ટમાં દાખલ કરેલી પી આઈ એલ સંદર્ભે પણ જવાબ રજુ કર્યો નથી. રાષ્ટ્રીય ધોરીમાર્ગને વિકસાવવા છ માર્ગીય બનાવવા માટે હરિયાળીનુ નિકંદન વાળવામાં આવી રહ્યુ છે. જયારે પી આઈ એલ સંદર્ભે આગામી તા ૨૬ મી ની મુદ્દત છે. તેમણે જણાંવ્યા મુજબ દેશના કોઈ ભાગમાં શહેરમાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થતો નથી. આમછતા ગાંધીનગરમાં હરિયાળીને નુકશાન કરવામાં આવી રહ્યુ છે. મુંબઈમાં આર્યમીલ્ક કોલોનીમાં દેશની વડીઅદાલતે હસ્તક્ષેપ કરીને હરિયાળીની કટોતી સામે રોક લગાવ્યો હતો તેમ ગાંધીનગરમાં પણ લીલાછમ વૃક્ષો ન કપાય તે માટે યોગ્ય પગલા લેવાય તેવી માંગ પ્રકૃતિ પ્રેમીઓએ ઉઠાવી છે. નગરજનોએ પોષ્ટકાર્ડ લખીને પણ વૃક્ષો ન કાપવા માટે વિનંતી કરી છે. જયારે હજુ પણ આ વિસ્તારમાં વધુ વૃક્ષો ન કપાય તે માટે વિનંતી કરવામાં આવી રહી છે.

## આજે શહેર ઉજવશે શરદપૂનમ

**રાસ-ગરબાની રમઝટ સાથે દૂધ-પૌંઆની જયાફત**

ગાંધીનગર, તા. ૧૨

નવરાત્રી પત્યા પછી પણ શહેરમાં ગરબા રસિક ખેલૈયાઓના પગ ગરબા રમવા સતત થનગની રહ્યાં હોય છે જે તક ફરી શરદપૂનમે પ્રાપ્ત થાય છે. શરદપૂર્ણિમાનો તહેવાર શહેરમાં તા. ૧૩મી ઓકટોબર રવિવારે હર્ષોલ્લાસથી ઉજવાશે જેમાં શહેરની નવરાત્રી દરમ્યાન યોજાતા લગભગ તમામ શેરી ગરબાના સ્થળોએ ફરી એકવાર રાસ-ગરબાની ધૂમ જામશે. આ સાથે શહેરીજનો પૂનમના ચાંદની શીતળ ચાંદનીમાં ઠંડા કરેલા દૂધ-પૌંઆ આરોગશે. સે. ૨૯માં જલારામ મંદિર સહિત શહેરમાં અનેક ઠેકાણે રાસ-ગરબાના અનેકવિધ આયોજનો કરાયાં છે.

શરદપૂનમે શહેરમાં ફરી એકવાર ઢોલીડાંના ઢોલ ઢબૂકશે અને જેમ નવરાત્રીમાં માતાજીની આરાધના માટે ગરબાનુ મહત્વ વિશેષ હોય છે તેમ શરદપૂનમે રાધા-કૃષ્ણની પ્રિત સમા રાસનું મહત્વ વિશેષ હોય છે. શરદપૂનમે કારતક પૂર્ણિમાની શીતળ રાત્રિના પૂર્ણ કળાએ ખિલેલા પૂનમના ચંદ્રમાની શીતળ ચાંદનીમાં ઠંડા કરેલા દૂધ-પૌંઆ આરોગવાનુ પણ વિશેષ મહત્વ રહેલુ છે. શરદપૂનમે શહેરના લગભગ તમામ ચોકઠાંમાં સોસાયટીના નવરાત્રી ચોકમાં તેમજ નવનિર્મિત સોસાયટીઓમાં રાસ-ગરબાનું આયોજન કરવામાં આવે છે. આ સાથે શહેરીજનો સમૂહમાં દૂધ-પૌઆના આયોજનો પણ કરે છે. આ શરદ પૂનમે શહેરના ઘ-૫ સર્કલ નજીકના ઓપન થીએટર ખાતે પણ ખાનગી આયોજકો દ્વારા રાસ-ગરબાનું આયોજન કરાયુ છે તેમજ શહેરના સેકટર-૨૯ ખાતે જલારામ મંદિરે પણ શરદપૂનમના રાસ-ગરબા યોજાશે.

## આજે સ્વ. કિશોરકુમારની પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

હિન્દી ફિલ્મોના સુપ્રસિધ્ધ પાર્શ્વ ગાયક સ્વ. કિશોરકુમારની પુણ્યતિથી તા. ૧૩મી ઓકટોબરે શ્રધ્ધાંજલિ આપવાને અનુલક્ષીને ગાંધીનગરના કુડાસણ ખાતેના શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિઓ ખાતેની 'મેરી આવાઝ સુનો-કરાઓ કે કલબ' દ્વારા રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે ગાંધીનગર-અમદાવાદના અનુભવી બિન અનુભવી ગાયકોના કરાઓ કે ટ્રેક શૉ આધારિત ફિલ્મીગીતોની ગાયકીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ હિન્દી ફિલ્મી ગીતોના શોખીન શ્રોતાઓને વહેલા તે પહેલાના ધોરણે વિના મૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. આ કાર્યક્રમ કુડાસણના મારૂતિ-નેક્ષા શો રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડ કોમ્પ્લેક્ષના પહેલા માળે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે યોજાશે.

## ઈન્કમટેક્સના દર સુધારવા જાગૃત નાગરિક પરિષદની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૨

દેશના અર્થતંત્રને ગતિશીલ બનાવવા ઈન્કમટેક્સના પ્રવર્તમાન દર તાત્કાલિક સુધારવા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે રજૂઆત કરી છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને પત્ર લખી જણાવ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં ઈન્કમટેક્સ ભરનારા લોકોની સંખ્યા બમણી થઈ છે. વર્તમાન વૈશ્વિક આર્થિક પરિસ્થિતિ જોતા બજારમાં નાણાંની પ્રવાહિતા જળવાઈ રહે તે આવકારવાદાયક છે. દેશમાં ઈન્કમટેક્સના દર ઘટાડવાથી લોકો પાસે થોડા વધુ નાણા રહેશે જેથી નાણાની પ્રવાહિતા વધારશે. સિનિયર સિટિઝન્સની બેંક ડિપોઝીટના વ્યાજ પર કપાતા ટીડીએસના દર સુધારવાની દરખાસ્ત ત્રણ વર્ષ પહેલાં સરકારે સ્વીકારી હતી જે ખૂબ જ આવકારદાયક બાબત છે.

જાગૃત નાગરિક પરિષદે રજૂઆત કરી છે કે રૂ. ૫ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ લેવામાં ન આવે. રૂ. ૫ થી ૧૦ લાખ સુધીની આવક પર ૫ ટકા ટેક્સ, રૂ. ૧૦ લાખથી ૨૦ લાખ સુધીની આવક પર ૧૦ ટકા ટેક્સ, રૂ. ૨૦ લાખથી ૫૦ લાખ સુધીની આવક પર ૨૦ ટકા ટેક્સ અને રૂ. ૫૦ લાખથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ વસુલવામાં આવે તો નાણાની પ્રવાહિતા જળવાઈ રહેશે. આ પ્રમાણે બચતો સામે અપાતી કર રાહતોના સ્લેબ રૂ. ૨ લાખથી વધારી રૂ. ૩.૫ લાખ કરવાની ભલામણ છે. જેથી લોકો બચત કરવા પ્રેરાશે. ઉપરોક્ત ફેરફારથી કર ભરનારા નાગરિકોની સંખ્યા બહોળી થઈ શકે છે અને સરકારની કુલ કર આવકોમાં વધારો થઈ શકે છે.

## ચિલોડા શકિત કોમ્પ્લેક્ષ ખાતેથી એક લાખના બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા સ્થિત શકિત કોમ્પ્લેક્ષ પાસેથી રૂ.૧ લાખના બાઈકની ચોરી થવા પામી છે. મોટા ચિલોડા શકિત કોમ્પ્લેક્ષ ખાતે રહેતા રોહન ભુરકાભાઈ સંગાડા કોલેજમાં અભ્યાસ કરે છે. નવેમ્બર-૨૦૧૮ માં લીધેલા ટીવીએસ અપાચી-૨૦૦ બાઈક પર તે અવરજવર કરતો હતો. ગુરૂવારના રોજ તેણે રાત્રે ઘર આગળ પોતાનું જી.જે.૧૮.ડી.ડી.-૯૨૫૦ નંબરનું બાઈક પાર્ક કર્યુ હતું.બીજા દિવસે સવારે ૯ વાગે ઉઠીને રોહને જોયું તો બાઈક ગુમ હતું. બાઈક અંગે આસપાસના વિસ્તારોમાં તપાસ કરી હતી.પરંતુ મળી ન આવતા આખરે તેણે ચિલોડા પોલીસ મથકે રૂ.૧ લાખના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## રંગોલી સ્કૂલ ખાતે સોશીયલ સાયન્સ પ્રદર્શન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, આલમપુર ખાતે સોશીયલ સાયન્સ એકિઝબિશનનું આયોજન આગામી તા. ૧૯મી ઓકટોબરના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં જોડાવવા અને પ્રદર્શનનો લાભ લેવા રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલે સૌને આમંત્રણ પાઠવ્યું છે.

## નાસતા ફરતા આરોપીને એલસીબી-૨ એ પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબી-૨ એ હત્યાના કેસમાં જેલમાં રહેલા અને પેરોલ જમ્પ કરીને નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. ઈન્ચાર્જ પીઆઈ વાય જે રાઠોડની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિલિપસિંહને આરોપી અંગે બાતમી મળી હતી કે જેને પગલે પેરોલ જમ્પ કરીને નાસતો ફરતો આરોપી રમેશ જીજાભાઈ રાવળ (રહે.પુંધરા માણસા)ને તેના ઘરેથી જ દબોચી લેવાયો હતો. આરોપી સામે વર્ષ ૨૦૦૩ માં માણસા પોલીસ સ્ટેશનમાં હત્યાનો કેસ નોંધાયો છે. જે કેસમાં અરોપીને સજા થતા સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહ્યો હતો. ત્યારબાદ પેરોલ પર બહાર આવ્યા બાદ તે પરત ફર્યો ન હતો. એલસીબી-૨ એ આરોપીને પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ફરીથી જેલમાં મોકલી આપ્યો હતો.

## વલાદ નવાઘરોમાંથી ચાર જુગારી પકડાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના વલાદ ગામે આવેલા નવાઘરોમાં જુગાર રમતા ચાર જુગારી રંગે હાથ પોલીસના હાથે પકડાયા છે. ડભોડા પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલીંગમાં હતી.ત્યારે નવાઘરોમાં ખાતે લાલાજી ઠાકોરના ઘર આગળ ખુલ્લી જગ્યામાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ કરીને નવાઘરોમાં રહેતા લાલા શંકાજી ઠાકોર, ઈશ્વર ગાભાજી ઠાકોર, અરજણ જુગાજી ઠાકોર, તેમજ ફિરોજપુરના ગુગા મઈજીભાઈ રાવળને જુગાર રમતા રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડ અને અંગજડતી દરમિયાન મળીને કુલ રૂ. ૩૨૫૦ કબ્જે લેવામાં આવ્યા છે. પોલીસે ચારેય જુગારીઓ સામે ડભોડા પોલીસે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ વેલજીભાઈ દેસાઈએ શરુ કરી છે.



કલેકટર કચેરી સેવા સદન ખાતે મહેસુલ વિભાગ કર્મચારી મંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગરબામાં મોટી સંખ્યામાં કર્મચારી ભાઈ-બહેનો જોડાયા હતા.

## ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂની ૮ બોટલ સાથે શખ્સ પકડાયો

ગાંધીનગર, તા. ૧૨

ચિલોડા સર્કલ પાસેથી વિદેશી દારૂની આઠ બોટલ સાથે પોલીસે એક શખ્સની અટકાયત કરી છે. ચિલોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન થેલો લઈને જઈ રહેલા એક શખ્સ શંક મંદ જણાતા તેને ઉભો રાખ્યો હતો. તે શખ્સ પાસે રહેલો થેલો ચેક કરતા અંદરથી વિદેશી દારૂની ૮ બોટલ મળી આવી હતી. યુવકનું નામ પુછતા તેણે રાજસ્થાનના બાબરી ગામનો ૨૪ વર્ષિય જશવંત તુલસીરામ તબીયાડ હોવાનું સામે આવ્યું છે. જેને પગલે ચિલોડા પોલીસે રૂ.૨૪૦૦ની કિંમતનો દારૂ જથ્થો પકડી પાડી આરોપી સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધ્યો હતો. આરોપી યુવક દારુનો જથ્થો રાજસ્થાનથી કેવી રીતે લાવ્યો હતો અને તે કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

વનવિભાગ દ્વારા આયોજીત વન્ય પ્રાણી સપ્તાહની તા. ૨-૧૦-૨૦૧૯થી તા.૧૦-૧૦-૨૦૧૯ સુધી સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સ્કુલોમાં યોજાય ગયા. જેની શરૂઆત વનશ્રી ટ્રસ્ટ તેમજ વન વિભાગ દ્વારા તા. ૨-૧૦-૨૦૧૯ના રોજ મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે-૧૬ના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરી વન્યપ્રાણી સપ્તાહનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તા. ૩-૧૦-૨૦૧૯નો રોજ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૨માં વાઈલ્ડ લાઈફ ઓરિએંટેશન પ્રોગ્રામ



અર્જનાબેન નિમાવત દ્વારા યોજવામાં આવ્યો હતો. જ્યારે તા. ૪-૧૦-૨૦૧૯ રોજ મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે-૧૬માં વન્યપ્રાણીઓની સરંક્ષણ પર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમજ તા. ૫-૧૦-૨૦૧૯ શનિવારના રોજ તેજ વિષય પર સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેકટર-૧૨ની શાળામાં નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. તા. ૭-૧૦-૨૦૧૯ના રોજ સરદાર વલ્લભભાઈ વિદ્યામંદિર સે-૭માં ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અંતમાં વનશ્રી ટ્રસ્ટ તેમજ વન વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહનું સમપાન તથા ઈનામ વિતરણનું કાર્યક્રમ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર સે-૭ ખાતે ડીસીએફ એસ.એમ. ડામોર, એસીએફ નેવીલ ચૌધરી, સીડીઆઈ ઉત્કર્ષ, અર્જનાબેન નિમાવત ઉપસ્થિતીમાં રાખવામાં આવ્યો હતો. વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી અંતર્ગત આ તમામ શાળાઓના કોડીનેટર નટુભાઈ વી. લાડાણી, તેમજ શાળાઓના આચાર્યો મુકેશભાઈ જાની, ભાવેશભાઈ જાની, એલ.વી. રાતડિયાએ પ્રારંભથી અંત સુધી સમગ્ર કાર્યકરમાં ઉત્સાહભેર ભાગ લઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન પુરૂ પડ્યું હતું.



સરકીટ હાઉસની પાછળ બોરીજ જવાના માર્ગે પ્લાસ્ટીક અને ફુડ પેકીંગની ડીશોના કચરાના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. વીવીઆઈપી વિસ્તાર જ ગંદકીમાં ખદબદી રહ્યો છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● વોર
૯.૦૦, ૧૨.૨૦, ૧.૨૫, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૧૦.૨૦
● છીછોરે
૭.૪૦
● ડ્રીમગર્લ
૨.૧૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૫, ૪.૧૦, ૭.૧૫, ૧૦.૩૦
● જોકર (અંગ્રેજી)
૧૦.૪૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
● જીમીની મેન
૧૧.૩૦, ૫.૦૦, ૧૦.૪૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

● વોર
૯.૧૦, ૧૧.૦૫, ૧૨.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
● જીમીની મેન
૯.૨૦, ૧૧.૫૫, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી)
૧૨.૧૦, ૫.૨૦
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૯.૩૫, ૨.૪૫, ૬.૨૦, ૭.૫૫, ૧૦.૩૦
● બીજો દિવસ
૫.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

● વોર
૯.૨૫, ૧૧.૩૦, ૧૨.૩૦, ૩.૪૦, ૫.૦૫, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● ધ સ્કાય ઈઝ પિન્ક
૯.૦૫, ૧૦.૦૦, ૧૧.૩૦, ૧૨.૩૦, ૨.૪૦, ૩.૪૦, ૫.૫૦, ૬.૫૦, ૯.૦૦, ૧૦.૦૦
● જીમીની મેન
૯.૦૦, ૨.૩૫, ૬.૨૦, ૧૦.૪૫
● જોકર (અંગ્રેજી) (હિન્દી સબટાઈટલ સાથે)
૮.૫૫, ૧.૦૦, ૩.૪૦, ૮.૧૦

## ચિરવિદાય

● સ્વ. પરસોત્તમભાઈ દેવજીભાઈ સોલંકી, ઉ.વ. ૩૨
● સ્વ. મહેન્દ્રભાઈ બાબુભાઈ દંતાણી, ઉ.વ. ૨૫
● સ્વ. શાંતિબેન કરમશીભાઈ દંતાણી, ઉ.વ. ૭૫
● સ્વ. પટેલ નીતાબેન પ્રવિણભાઈ, ઉ.વ. ૪૭

## ઉનાવા હાઈસ્કુલ પાસેથી રીક્ષા ચોરાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ છાપરા વિસ્તારમાં રહેતો યુવક ઉનાવા ખાતે ગરબા જોવા માટે ગયો હતો ત્યારે રીક્ષા ચોરીની ઘટના બનવા પામી છે. મહેશ દેવીપુજક (ઉં.વ.૩૦) પોતાના મિત્ર સાથે ૫ સપ્ટેમ્બરના રોજ પોતાના ફુવાની રીક્ષા નં.જી.જે. ૧૮.એ.વાય-૭૦૦૨ લઈ ઉનાવા ખાતે ગરબા જોવા માટે ગયો હતો. ઉનાવા હાઈસ્કુલ ગ્રાઉન્ડની સામે રીક્ષા પાર્ક કરી હતી. ગરબા જોયા બાદ રાત્રીના ૧૨ વાગ્યાના અરસામાં યુવકે જોયું તો પોતાની રીક્ષા પાર્ક કરેલી જગ્યાએ ન હતી. થોડા દિવસની શોધખોળ અને રાહ જોયા બાદ આખરે તેણે રીક્ષા ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. પોલીસે રૂ.૮૦ હજારની કિંમતની રીક્ષાની ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.